# પાલનપુરમાં ૧૮ વર્ષીય કોલેજીયન યુવાનનું અપહરણ : યુવાનનો મૃતદેહ મળ્યો

પાલનપુર, તા. ૧૦

પાલનપુર સહિત જિલ્લાભરમાં ઘણા સમયથી ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે ત્યારે હવે અપહરણ બાદ મોટી રકમની ખંડણી માંગવાના બનાવે શહેરભરમાં ચકચાર મચાવી છે. મોડી રાત્રે યુવાનનો મૃતદેહ સતલાસણ પાસેથી મળી આવ્યો છે.

પાલનપુરના ઢુંઢીયાવાડીમાં આવેલ જૂનીગેસ ઓફિસ પાસે છેલ્લા ૧૮ વર્ષથી વધુ સમયથી રહેતા હિન્દીભાષી બાબુલાલ મીસરીરામ વર્મા મીલમાં નોકરી કરે છે. તેમનો ૧૮ વર્ષીય દિકરો નિરજ સિદ્ધપુરમાં એન્જીનીયરીંગમાં અભ્યાસ કરે છે. તે ગત ગુરૂવારથી રવિવાર સુધી ઘરે પરત ન ફરતા ગુમ થયાની ફરિયાદ બાદ નિરજના પિતા પર નિરજના જ મોબાઈલ ફોન પરથી ખંડણી માટે ફોન આવ્યો હતો. અને રૂ. ૩૧ લાખ આપી જાઓ અને તમારો છોકરો લઈ તેમ કહી ખંડણી માંગી હતી. આથી પરિવારજનોમાં ભયની લાગણી સાથે ફફડાટ ફેલાયો હતો. આથી પરિવારજનોએ પાલનપુર બી ડિવીઝન પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે અપહરણકારોને ઝડપી પાડવા સઘન આદરી હતી અને ચારેબાજુ નિરજની શોધખોળ કરવામાં આવી હતી.

# પાલનપુરમાં ચોકસી સૂવર્ણકારોની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૦

પાલનપુર અને આસપાસના વિસ્તારોમાંથી બંગાળી કારીગરોએ ઘણીવાર દાગીના ધોવાના બહાને

પાલનપુર નજીક મહાવીરધામ ચડોતર ખાતે આજે પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનની બેઠક મળી હતી. જેમાં શહેરની

બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે આવનાર સમયમાં વેપારીઓએ આવા કારીગરોને એસોસિએશનમાં ખોટી રીતે સભ્ય



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હાથ સાફ કરી જવાના બનાવો બનવા પામ્યા છે. જેના પગલે આજે પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનની કારોબારીની બેઠક મળી હતી. જેમાં આવા અઠંગ તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આસપાસમાં કામ કરતા બંગાળી કારીગરો દાગીના બનાવવાના કે ધોવાના બહાને દાગીના લઈને નાસી જતા હોય છે. જેના કારણે સોનીઓએ બેઠકમાં આવા અઠંગો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની અને ગુનેગારોને પોલીસના હાથે પકડાવવા માટે સહયોગ આપશે.

પદ મેળવી લેતા હોય છે. જેની તપાસ કરી સભ્યપદ આપવુ અને જો સભ્યપદ મળી ગયુ હોય તો તેને સભ્યપદેથી દૂર કરવા સુધીના પગલા ભરવામાં આવશે. જે લોકો પોતાની દુકાનો આવા અઠંગોને ભાડે આપશે તો પોલીસને જાણ કરવામાં આવશે.

# ભારતના હિન્દુઓના દિકરા દિકરીની ચિંતા કરનાર કોઈ નથી અને રાજકારણ સંપૂર્ણ ભગવુ કરવુ જોઈએ : ડૉ. પ્રવિણ તોગડીયા

## સભામાં ગૌશાળાના ભૂમિદાતાનું સન્માન કરવામાં આવ્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્માના જીવદયા મિત્રમંડળ અને વિશાલક્ષી સેવા ટ્રસ્ટ

વિશાલક્ષી સેવા ટ્રસ્ટના રણવીર કે. પટેલ, ડૉ. પ્રવિણભાઈ તોગડીયાને શાલ, સાફો અને તલવાર અર્પણ કરી

રાજકારણ સંપૂર્ણ ભગવુ કરવા સાથે રાજનીતી બદલવાની પણ વાત કરી હતી. ધર્માન્તર બંધ કરવુ, ગૌહત્યા



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

દ્વારા ગૌશાળાનું ભૂમિપૂજન તથા પશુઓના આશ્રય સ્થાનનું સોમવારના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ સભામાં વી.એચ.પી.ના ડૉ. પ્રવિણભાઈ તોગડીયાએ પોતાની આગવી તેજાબી ભાષામાં હમ હિન્દુ એક ના નારા સાથે પ્રવચન કર્યુ હતુ. આ સભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શેઠ કે.ટી. હાઈસ્કૂલના હોલમાં યોજાયેલ જાહેર સભામાં સૌ પ્રથમ સન્માન કર્યુ હતુ. અંબે ગૌરી ગૌ શાળાની ભૂમિના દાતા કોદરભાઈ માણકાભાઈ પટેલનું ડૉ. તોગડીયાએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. ડૉ. તોગડીયાએ વી.એચ.પી. હિન્દુઓની હામી હોવાની વાત સાથે જણાવ્યુ હતુ કે સ્વતંત્ર ભારતમાં કોઈ ઉપેક્ષીત હોય તો તે હિન્દુઓ છે. ભારતમાં હિન્દુના દિકરા-દિકરીઓની ચિંતા કરનાર કોઈ નથી. જેમણે ધર્મ ન છોડ્યો તેવા ધર્મવીરોના આપણે વંશજ છીએ.

બંધ કરવી સાથે હિન્દુઓ માટે પાંચ મંત્રો આપ્યા હતા.

આ પ્રસંગે વી.એચ.પી.ના કેન્દ્રીય માર્ગ દર્શન મંડળના ગૌરંગ શરણ દેવાચાર્ય પ્રભુ પોગલુના બાલસંત સુનિલદાસ અંતિમધામ જુનાગઢના વિરલ બાબુ, ધર્મેન્દ્રભાઈ, અરૂણભાઈ પટેલ, એસ.એસ. પટેલ તથા નટવરભાઈ ધુળાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન જગદીશભાઈ ભટ્ટે કર્યું હતું.

# આજથી ૫૧ શક્તિપીઠનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

## ૪૦૦ વિદ્વાન પંડિતો દ્વારા શાસ્ત્રોક વિધિથી પ્રાણ-પ્રતિષ્ઠા કરાશે

પાલનપુર, તા. ૧૦

કરોડો માઈભકતોની આસ્થાના કેન્દ્ર સમાન જગ-સિધ્ધ તીર્થસ્થાન અંબાજી મુકામે આજ તા.૧૧ ફેબ્રુઆરીથી ૫૧ શકિતપીઠોના -ાણ -તિષ્ઠા મહોત્સવનો -ારંભ થયો છે. તા. ૧૧ થી ૧૩ સુધી યોજાનાર આ ત્રિદિવસીય મહા ઉત્સવમાં ગબ્બર પર્વતની આસપાસ નિર્માણ પામેલ પરિક્રમા પથ ઉપર માતાજીના તમામ સ્વરૂપો એવા ૫૧ શકિતપીઠોના નવિન મંદિરોમાં -ાણ -તિષ્ઠા કરાશે. તા.૧૩ ના રોજ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે દર્શન પરિક્રમાનું લોકાર્પણ કરાશે. આ -સંગે ૪૦૦ જેટલા વિદ્વાન પંડિતો શા સ્ત્રોક્ત વિધિથી -તિષ્ઠા કરશે.

ઉલ્લેખનીય છે કે માતાજીના ૫૧ શકિતપીઠોના મંદિરો સમગ્ર દેશ અને વિદેશોમાં જુદી જુદી જગ્યાએ આવેલા છે આથી કોઈપણ માઈભકતને તમામ શકિતપીઠોના દર્શન કરવાં અત્યંત કઠીન છે. પરંતુ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને સુચનાથી અંબાજી મુકામે ગબ્બર પરિક્રમા પથ ઉપર સમયમર્યાદામાં જ આ મંદિરો નિર્માણ પામતાં હવે માઈભકતો અંબાજી આવીને તમામ ૫૧ શકિતપીઠોના દર્શન કરવાનો લ્હાવો લઈ શકશે. તેમજ અંબાજી તીર્થસ્થાનની ગણના હવે દેશના મોખરાના યાત્રાધામોમાં થશે. ૫૧ શકિતપીઠોના -ાણ -તિષ્ઠા મહોત્સવ માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિશાળ પાયે સુવિધાઓ કરવામાં આવી છે. આ -સંગે લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી આવશે તેને ધ્યાનમાં રાખી મંદિરના દર્શનનો સમય પણ વધારવામાં આવ્યો છે તેમજ ટ્રસ્ટના ભોજનાલયમાં અને ગબ્બર ખાતે યાત્રિકો માટે વિનામૂલ્યે ભોજનની સવિધા કરવામાં આવી છે.

# લક્ષ્મીપુરામાં ૧૩મો સમુહ લગ્નોત્સવ યોજાશે

લક્ષ્મીપુરાના વડાલી કંપા ખાતે આવેલ સંતશ્રી નથ્થુરામ બાપા આશ્રમમાં આગામી તા. ૧૩ ફેબ્રુઆરી-૨૦૧૪ ગુરૂવારના રોજ પૂજ્ય તુલસીબાપાજીની પ્રેરણાથી ૧૩માં સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ત્રીસ દંપતિ પાવનધામમાં લગ્નગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલા માંડશે. આ સમૂહ લગ્નોત્સવમાં દાતાઓએ ધનની વર્ષા કરી છે. ત્યારે મગનભાઈ પટેલ, જેઠાભાઈ પટેલે સમાજના ભાઈ-બહેનોને શુભકાર્ય પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો છે.

# મટોડા ગામ પાસે માર્ગ અકસ્માતમાં ઘટના સ્થળે જ બે ને કાળ ભરખી ગયો



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામ પાસેથી રવિવારે રાત્રે પસાર થતા દાંતા તાલુકાના સોરસંડા આશ્રમના ભક્તોની જીપને સામેથી આવતી જીપે ટક્કર મારતા બંને વાહનમાંથી બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. અકસ્માતમાં નવ જણાને પણ ઈજા થતાં તેમને સારવાર માટે ખેડબ્રહ્મા ખસેડવામાં આવ્યા હતા. જેમાં સાતને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા.

રવિવારે દાતા તાલુકાના સોરસંડા આશ્રમના ભક્તો ભજન કિર્તન માટે જીપ નં. જીજે-૮.એફ.૪૪૨૧માં ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામે જતા હતા. દરમિયાન મટોડા ગામ પાસેથી પસાર થતાં ખેડબ્રહ્મા તરફથી આવતી અને દાંતા તાલુકાના પીપળીયા ગામે જતી જીપ નંબર જીજે-૨-૬૬૮૧ના ચાલકે પોતાની જીપ બેદરકારીથી હંકારી ટક્કર મારી હતી. જેમાં વિજલાસણ ગામના કાળુસિંહ કચરસિંહ ચૌહાણ ઉં.વ. ૪૫ તથા પીપળી ગામના જીપચાલક અંગારી ઉમાભાઈ પુંજાભાઈ ઉં.વ. ૫૦નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જયારે નવ ઈજાગ્રસ્તોને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી સાત ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. જી.કે. ઈસરાનીએ વિજલાસણના કલસિંહ ઉમેદસિંહ ચૌહાણની ફરીયાદ આધારે બંને જીપના ચાલકો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પાલનપુર-ડીસા હાઈવે પર ચડોતર ખાતે બોચાસણયાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાન દ્વારા શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં બાજરીના રોટલા અને રીંગણના શાકનો પ્રસાદ શ્રદ્ધાળુઓને પિરસવામાં આવ્યો હતો. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# પટેલ અને ક્ષત્રિય સમાજ ભાજપાના સર્વે સર્વા તેવી ચર્ચાએ જોર પકડ્યુ

ધનસુરા, તા. ૧૦

લોકસભાની ચૂંટણીને લઈ અરવલ્લી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં બક્ષીપંચ, એસ.ટી. એસ.સી.ના આગેવાનોની અવગણના કરવામાં આવતા અરવલ્લી જિલ્લામાં ઉકળતો ચરૂ ફાટી નિકળવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

દેશમાં લોકસભાની ચૂંટણીના પડધમ સંભળાઈ રહ્યા છે ત્યારે તાજેતરમાં જ અરવલ્લી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ઓપન સિવાયની જ્ઞાતિને માત્ર ગણતરી માટે જ હોદ્દેદાર બનાવવામાં આવ્યા છે તેવી ચર્ચા ચાલી રહી છે.

અરવલ્લી જિલ્લામાં ક્ષત્રિય સર્વ હોય તેમ જિલ્લામાં રહેતા અન્ય જ્ઞાતિના કાર્યકરોમાં ચર્ચા ચકડોળે ચડી છે અને અંદરખાને બક્ષીપંચ, એસ.સી., એસ.ટી. જ્ઞાતિનો રોષ વર્તાઈ રહ્યો છે. ત્યારે આવનારી લોકસભાની ચૂંટણીઓમાં ભાજપાને આનુ નુકશાન ભોગવવુ પડે તો નવાઈ નહી હો.

# ખેડબ્રહ્મામાં ચોરીની જીપ સાથે એકની અટકાયત

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા પોલીસે આજે ખેડબ્રહ્મામાંથી ચોરીની જીપ સાથે રાજસ્થાનના એક યુવાનને વાહન ચેકીંગ દરમિયાન ઝડપી પાડયો હતો અને બાદમાં રાજસ્થાન પોલીસના હવાલે કર્યો હતો.

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. જી.કે. ઈસરાની તથા સ્ટાફના માણસો રવિવારે સાંજના સમયે માર્ગ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે કમાન્ડર જીપ નં. આ.જે. ૨૩-ટી-૧૫૫૮ને ચેકીંગ માટે અટકાવી હતી આ જીપ કોટડા છાવણીમાંથી ચોરાયેલ હતી જેથી જીપના ચાલક, ઈલીયાસ અબ્દુલખા અબ્બાસીની અટકાયત કરવામાં આવી હતી. આ જીપમાંથી હરિયાણા પાસીંગની એચ.આર.૬૩-૨૫૬૫ વાળી બોગસ નંબર પ્લેટ પણ મળી આવી હતી. રૂ. ૧,૫૦,૦૦૦ની કિંમતની જીપ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર-આબુ હાઈ-વે પર અમીરગઢના ધનપુરા (ઢોલીયા) પાટીયા પાસે રવિવારે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યક્તિના કરૂણ મોત જ્યારે ચાર વ્યક્તિને ગંભીર ઈજાઓ થવા પામી હતી. સુરતથી રાજસ્થાનના સિરોહી તરફ જઈ રહેલા પંચાલ પરિવાર અકસ્માત નડતા દિનેશભાઈ પંચાલ, ગોપાલભાઈ મગનભાઈ પંચાલનું ઘટના સ્થળે જ્યારે હસ્તુબેન પંચાલનું સારવાર દરમ્યાન મોત થયું હતું.

# રાજેન્દ્રકુમારને ચાર્જશીટની નકલ આજે મળે તેવી વકી

અમદાવાદ, તા.૧૦

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા તાજેતરમાં દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટમાં આઈબીના ચાર અધિકારીઓ સામે આરોપો ઘડવામાં આવ્યા છે. સેન્ટ્રલ આઈબીના ભૂતપૂર્વ વડા અને આતંકવાદીઓ હુમલા કરવા આવવા હોવાનો ખોટો એલર્ટ આપનાર રાજેન્દ્રકુમારના વકીલ એસવી રાજુએ સીબીઆઈ દ્વારા દાખલ પૂરક ચાર્જશીટની નકલ મેળવવા અરજી કરી હતી જેમાં આજરોજ રાજેન્દ્રકુમારના વકીલ એસવી રાજુ સીબીઆઈ કોર્ટમાં પૂરક ચાર્જશીટની નકલ મેળવવા આવ્યા હતા જેમાં કોર્ટે તેમને જણાવ્યું હતું કે પૂરક ચાર્જશીટનું વેરીફીકેશન થઈ ગયું છે પણ ચાર્જશીટનું નંબર ન પડ્યું હોવાથી આવતીકાલે પૂરક ચાર્જશીટની નકલ આપવામાં આવશે.

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસ એજન્સી સીબીઆઈએ આઈબીના ચાર અધિકારીઓ રાજેન્દ્રકુમાર, રાજીવ વાનખેડે, ટી મિત્તલ અને એમકે સિંહા સામે આરોપો ઘડી પૂરક ચાર્જશીટ રજુ કરી હતી.

સીબીઆઈએ સેન્ટ્રલ આઈબીના ભૂતપૂર્વ વડા અને આતંકવાદી હુમલા કરવા આવવા હોવાનો ખોટો એલર્ટ જારી કરનાર રાજેન્દ્રકુમારને ખાસ આરોપી દર્શાવવામાં આવ્યો છે. આ ચારેય અધિકારીઓએ અતિઆધુનિક હથિયારો એન્કાઉન્ટર કરવા અર્થે ગુજરાત પોલીસને આપ્યા હતા.

# ખેરાલુ, વડનગર અને સતલાસણા બજાર વિસ્તારો વિભાજન કરાશે

મહેસાણા, તા.૧૦

મહેસાણા જિલ્લાના વડનગર, ખેરાલુ અને સતલાસણા તાલુકાના બનેલા વિસ્તારમાં અનાજ, શાકભાજી, કઠોળ, ફળો, જે તમામ ઉત્પાદનો કૃષિ અને સહકાર વિભાગના ૩-૨-૨૦૧૪ના જાહેરનામામાં બતાવેલ મુજબ જણસીઓનું ખરીદ વેચાણનું નિયન કરવા ધાર્યું છે.

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ની કલમ ૫૨ અને કલમ ૫ મુજબ સત્તાની રૂએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેરાલુ વિભાજન કરીને મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના બનેલા વિસ્તારમાં, ખેરાલુ તાલુકાના બનેલા વિસ્તારમાં અને સતલાસણા તાલુકાના બનેલા વિસ્તારમાં વિભાજન કરવાનો ઈરાદો જાહેર કરેલ છે. જે અંતર્ગત વાંધા સૂચનો એક માસની મુદતમાં ગુજરાત સરકારશ્રીના સંયુકત સચિવશ્રી (ધિરાણ), બ્લોક નં.૭, ૬ઠ્ઠો માળ, કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરને મોકલી આપવાના રહેશે. જે ઉપર સરકારશ્રી દ્વારા વિચારણા કરી તેને આખરી કરવામાં આવશે તેમ ઉપસચિવશ્રી બી.એમ. ગામીત કૃષિ અને સહકાર વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન